**સને ૨૦૨૩-૨૪ના વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ ચાલુ બાબતોમાં પાછલા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં થયેલ જોગવાઈ સામે ૧૦% કરતા ઓછો ખર્ચ થયેલ હોય તેવી યોજનાઓની વહીવટી મંજુરી આપવા બાબત.**

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ **SJED/CIE/e-file/17/2022/2947/B Section**

સચિવાલય, ગાંધીનગર.

તા. ૨૬/૦૪/૨૦૨૩

વંચાણે લીધો:

(૧) નાણાં વિભાગનો તા.૨૨/૦૩/૨૦૨૩ નો પરિપત્ર ક્રમાંક: ખરચ/૧૦૨૦૨૨/૭૩/ઝ-૧

**- ઠ રા વ -**

નાણા વિભાગના ઉપર દર્શાવેલ સંદર્ભ હેઠળના પરિપત્રથી સને ૨૦૨૩-૨૪ના વર્ષના અંદાજપત્રમાં સમાવેશ થયેલ હોય તેવી ચાલુ બાબતો/યોજનાઓની વહીવટી મંજૂરી મેળવવા અંગેની સુચનાઓ આપવામાં આવેલી છે.

૨. સને ૨૦૨૩-૨૪ના વર્ષ માટે આ વિભાગની વિવિધ યોજનાઓ કે જેનો સમાવેશ અંદાજપત્ર પ્રકાશનમાં થયેલ છે તેવી ચાલુ બાબતોમાં પાછલા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં થયેલ જોગવાઇ સામે ૧૦% કરતાં ઓછો ખર્ચ થયેલ હોય તેવી યોજનાઓને આ સાથેના Statement-1 મુજબ વહિવટી મંજૂરી આપવામાં આવે છે.

**શ ર તો**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદ કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તે ઉપરાંત સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઈ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૧) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવે સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.

(૧૨) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૧૩) C.M. Dashboard સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૪) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૫) આ યોજનાનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૩ થી કરવાનો રહેશે.

(૧૬) પ્રવર્તમાન યોજનાઓના નોર્મ્સ અને સહાયની રકમોમાં જે ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૭) નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સૂચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૮) સદર યોજના રાજ્ય સરકારના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન કે કેન્દ્રીય ફાળાથી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.

(૧૯) પોતાના પ્રભાગની ચાલુ યોજનાઓનો અમલ કરતા પહેલા દરેક યોજનાની શરતો/વિગતોમાં અને અમલની પ્રક્રિયામાં કોઇ ફેરફાર કરવો જરુરી છે કે કેમ તે સંબંધિત ખાતાના વડાશ્રીઓએ અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા) સાથે ચર્ચા કરી તેઓના દ્વારા જે સુધારા સુચવવામાં આવે તે મુજબ જે તે ચાલુ યોજનાઓનો અમલ કરવાનો રહેશે.

(૨૦) ચાલુ યોજનાઓમાં સહાય વધારા અન્વયે જે-તે યોજનાની શરતો/જોગવાઈઓમાં સુધારો કરવાનો થતો હોય તો તે અંગેના સૂચિત ઠરાવોના મુસદ્દા સાથે નાણા વિભાગની અલગથી મંજૂરી સબંધિત પ્રભાગે પોતાની ફાઈલ પર મેળવી લેવાની રહેશે.

(૨૧) આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજુ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૨૨) કેન્દ્ર પુરસ્કૃત યોજના અંગેની શેરીંગ પેટર્ન સહિતની જોગવાઈ/ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.

(૨૩) યોજનાઓ હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં તેમજ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈ પણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાખવાની રહેશે.

(૨૪) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીઓની પસંદગી કરવાની રહેશે.

(૨૫) ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન કરવાનું રહેશે.

(૨૬) નાણાકીય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પદ્ધતિથી જ આપવાની રહેશે.

(૨૭) આ યોજનાઓ DBT પોર્ટલ પર ફરજીયાત નોંધવાની રહેશે.

(૨૮) સોશિયો ઈકોનોમીક ઈમ્પેક્ટ ઈવેલ્યુએશન/એસેસમેન્ટ કરવાનું રહેશે.

(૨૯) કેન્દ્ર સહાયિત યોજનાઓમાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીઓને આપવાનો રહેશે.

(૩૦) યોજનાઓને ચાલુ રાખવા વહીવટી મંજૂરી મળેલ છે તેથી ખર્ચની આપોઆપ મંજૂરી મળે છે તેમ માનવું નહીં અને ચાલુ યોજનાઓનો સુચારૂ અમલ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે.

(૩૧) આ સાથે સામેલ Statement-1 દર્શાવેલ યોજનાઓ પૈકી ક્રમાંક: (૧) માં દર્શાવેલ યોજના માટે સમિતિની રચના કરવામાં આવે અને ત્યારબાદ આ નાણાકીય વર્ષ (૨૦૨૩-૨૪)માં એવોર્ડ આપવામાં આવે એ સંબંધિત પ્રભાગે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૩૨) આ સાથે સામેલ Statement-1 દર્શાવેલ યોજનાઓ પૈકી ક્રમાંક: (૨) અને (૩) માટે કૌશલ્ય તાલીમ અંગે સંબંધિત પ્રભાગે અન્ય વિભાગો સાથે સંકલન સાધી (in convergence with other departments) અન્ય વિકલ્પો ચકાસવાના રહેશે તથા આ યોજનાઓની સમીક્ષા કરી તેમાં સુધારો કરવાનો રહેશે અથવા યોજના બંધ કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગની તા.૧૮/૦૪/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

**આપનો વિશ્વાસુ,**

Signed by: Mahesh Baldevbhai Patel
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 26-Apr-2023 (05:24 PM)

બિડાણ:**- Statement-1**

**( મહેશ બી.પટેલ )**
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:**

- માન. રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (સા. ન્યા અને અ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (વિ.જા.ક.), સા.ન્યા.અને અ.વિ; સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- સચિવશ્રી, અન્ય પછાતવર્ગોનું પંચ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી, (રોકડ) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(અ શાખા/ અ-૧ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર, (વિભાગની વેબસાઈટ પર ઓનલાઈન મુકવા વિનંતી સહ).
- સિલેક્ટ ફાઈલ

**STATEMENT - 1**

**Social Justice and Empowerment Department**

**DIRECTOR OF DEVELOPING CASTE WELFARE**

**LIST OF CONTINOUS / ONGOING SCHEMES 2023-24 (Expenditure Less than 10% in Year of 2022-23 )**

**DEMAND NO. 92**

( Rs. In lakhs )

| Sr.No | Demand No. | Major Head | Sub Major Head | Minor Head | Planning code | Sub Head | No and Name of the scheme | Component of the schemes | Caste | Provision 2022-23 | Continue 2023-24 | Page No. Budget Book 24-I |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **2225 WELFARE OF SCHEDULED CASTE, SCHEDULED TRIBES, OTHER BACKWARD CLASSES AND MINORITIES** | | | | | | | | | | | | |
| **800 OTHER EXPENDITURES** | | | | | | | | | | | | |
| 1 | 92 | 2225 | 03 | 800 | | 01 | OBC- 16 Financial assistance for Social Intregration and Development ( Mameru, Samuh lagan,Education camps, Awards etc) | BCK-299 Ravishankar Maharaj Award to person for SEBC Welfare | SEBC | 1.00 | 1.00 | 22-23 |
| | | | | | | | | BCK-300 Nalanda award to NGO for Welfare activities of SEBC | SEBC | 1.00 | 1.00 | |
| **04 Welfare of Minorities** | | | | | | | | | | | | |
| 2 | 92 | 2225 | 04 | 102 | | 02 | MNT-8 Training for Skill Development | BCK-104 Training for women in Tailoring centre | MINO | 1.00 | 1.00 | 26 |
| **101 Welfare of Denotified and other Notified Tribes** | | | | | | | | | | | | |
| 3 | 92 | 2225 | 80 | 101 | 177571 | 03 | DNT- 5 Training for Skill Development. | BCK-148 Training to women inTailoring center | NT-DNT | 1.97 | 1.00 | 30 |
| | | | | | | | | **Grand Total** | | **4.97** | **4.00** | |

Mahesh Patel

(Mahesh B. Patel)
Deputy Secretary
Social Justice and Empowerment Department